આંક–૩૬ હેઠળનો હુકમ

૧. પ્રતિવાદીઓ તરફે હાલની અરજી દિવાની કાર્યરિતી સંહિતા,૧૯૦૮ ના ઓર્ડર–૭, રૂલ–૧૧ મુજબ વાદીઓના દાવાને સમય મર્યાદાનો બાધ નડતો હોવાનું જણાવી આપવામાં આવેલ છે. સદરહુ આંક–૩૬ થી રજુ અરજીની હકિકત નીચે મુજબ છે.

સદરહુ કામનાં વાદીએ પ્રતિવાદી વિરૂધ્ધ ઉપરોક્ત નંબરથી દાવો નાણા વસુલાત બાબતે દાવા અરજીનાં પેરા–૮(૧) થી પેરા–૮(૩) ની દાદ મેળવવા માટેનો દાવો નામદાર કોર્ટમાં તા.૦૩/૦૫/૨૦૨૪ નાં રોજ દાખલ કરેલ છે, સદર કામનાં વાદીએ આંક–૩ નાં દસ્તાવેજી પુરાવાનાં લીસ્ટમાં વાદીએ રજૂ કરેલા દસ્તાવેજી પુરાવાઓની યાદી આંક–૩ મુજબ, નિશાની ૩/૧ થી લોન અરજી તા.૦૨/૦૨/૨૦૧૮ નારોજની, નિશાની ૩/૨ થી બેંકનો સેંકશન લેટર તા.૦૩/૦૨/૨૦૧૮ નારોજની અને નિશાની ૩/૩ થી પ્રતિવાદીઓ દ્વારા કરી આપવામાં આવેલ એગ્રીમેન્ટ ઓફ હાઇપોથીકેશન તા.૦૩/૦૨/૨૦૧૮ નારોજથી રજૂ કરવામાં આવેલ છે. આમ, વાદીએ રજૂ કરેલ દસ્તાવેજી પુરાવા મુજબ લોન અંગેની અરજી કર્યા બાદ તથા લોન અંગેનો સેંકશન લેટર મજુર કર્યા બાદ આશરે ૬ વર્ષ પછી સદર નાણા વસુલાત બાબતેનો આ કામનાં વાદીએ તા.૦૩/૦૫/૨૦૨૪ નારોજ દાવો નામદાર કોર્ટ રૂબરૂ લાવેલા છે.

પ્રતિવાદીઓ વધુમાં જણાવે છે કે, સદર કામનાં વાદીએ તેમની દાવા અરજીનાં પેરા નં.૩ માં જણાવેલ હકીકતો મુજબ “આ દાવાનાં પ્રતિવાદી હપ્તાની રકમ નિયમીત વાદી બેંકમાં ભરપાઈ કરતા ન હતા અને અવારનવાર તેમની સગવડ મુજબ હપ્તાની રકમ જમા કરાવતા હતા અને સને.૨૦૧૮ માં આ કામનાં પ્રતિવાદઓએ હપ્તાની રકમ તથા નિયત સમયમર્યાદામાં રકમની લેવડ–દેવડ કરેલ ન હોય પ્રતિવાદીનું ખાતુ એન.પી.એ થઈ ગયેલ છે.” વાદીનાં દાવા અરજીનાં પ્લીડીંગ્સ પરથી સ્પષ્ટ માલુમ પડે છે કે, વાદીનું ખાતું એન.પી.એ થઇ ગયેલ હોવાની જાણ વાદીને સને.૨૦૧૮ થી જ છે, જેથી વાદીને સદર નાણાના વસુલાત બાબતે તકરાર હોય તો લિમિટેશન એકટની આર્ટીકલ–૫૪ ની જોગવાઇઓ મુજબ વાદીએ ત્રણ વર્ષમાં નાણા વસુલાત માટેનો દાવો કરવો જોઇએ, પરંતુ વાદીઓએ નિયત સમય મર્યાદામાં નાણા વસુલાત કરવા માટેની કોઇ કાર્યવાહી કરેલ નથી અને એ રીતે વાદીએ આ કામમાં આંક–૩ નાં દસ્તાવેજી પુરાવાનાં લીસ્ટમાં નિ.૩/૧ થી રજૂ કરેલ બેંકમાં લોન અરજી તથા નિ.૩/૨ થી સેંકશન લેટરની નકલ તથા નિ.૩/૩ થી એગ્રીમેન્ટ ઓફ હાઈપોથીકેશન વિગેરે દસ્તાવેજ ઉપર આધાર રાખી હાલનો જે દાવો કરેલ છે તે નાણાની વસુલાત અંગેનો દાવો ૬ વર્ષ ઉપરાંતનો છે. આમ, સદર દાવાની વિગતો વાંચતા તથા દાવાની હકીકતો જોતા તેને લિમિટેશન એકટની આર્ટીકલ–૫૪ ની જોગવાઇનો સીધો બાધ નડે છે.

પ્રતિવાદીઓ વધુમાં જણાવે છે કે, સદર કામનાં વાદીએ તેમની દાવા અરજીનાં પેરા નં.૦૪માં જણાવેલ હકીકત મુજબ “આ દાવાનું કારણ આ દાવાનાં પ્રતિવાદી વાદી બેંકમાંથી તા.૦૩/૦૨/૨૦૧૮ નાં રોજ તથા તા.૧૪/૧૨/૨૦૧૯ નાં રોજ ધીરાણ મેળવ્યુ ત્યારે ઉત્પન્ન થયેલ થયેલ.” તેવું જણાવેલ છે. આમ, નાણા વસુલાત બાબતેનો દાવો દાખલ કરવો હોય તો તે અંગેની સમય મર્યાદા વાદીને જાણ થાય તે તારીખથી ૩ વર્ષેની નિયત સમયમર્યાદા છે અને તે નિયત સમયમર્યાદાનાં વાદીએ હાલનો દાવો કરેલ નથી. જેથી વાદીનો દાવો સી.પી.સી ઓર્ડર–૭, રૂલ– ૧૧ (ડી)ની જોગવાઈ મુજબ રદ થવાને પાત્ર હોય, જેથી હાલની અરજી વાદીઓનો દાવો રદ કરવા માટે કરેલ છે. સદર અરજીના કામે પ્રતિવાદીઓ દ્વારા પેરા નં.૦૩ થી સી.પી.સી ઓર્ડર–૭, રૂલ–૧૧ (ડી)ની કાયદાકીય જોગવાઈનો ઉલ્લેખ કરેલ છે.

પ્રતિવાદીઓ વધુમાં જણાવે છે કે, ઉપરોક્ત હકીકતે વાદીનાં દાવાને આગળ ચલાવતા પહેલા સી.પી.સી. ઓર્ડર–૭, રૂલ–૧૧ (ડી) ની જોગવાઈઓ પણ ધ્યાને લેવામાં આવે તો વાદીના દાવા અરજીને સમય મર્યાદાનાં કાયદાનો સીધો બાધ નડતો હોય, જેથી વાદીનો દાવો ચાલવા પાત્ર નથી. જેથી ઉપરોક્ત કાયદાકીય મુદ્દા પર દાવાનો નિકાલ કરવામાં આવે તો નામદાર કોર્ટનો કિંમતી સમયનો પણ બચાવ થાય તેમ છે અને દાવાનાં પક્ષકારોને અનેક લીટીગેશનો તથા કોર્ટ પ્રકરણોમાં ઉતરવું પડે નહી અને પક્ષકારોનાં નાણાં તેમજ સમયનો પણ બચાવ થાય તેમ છે અને કાયદાકીય જોગવાઇઓ મુજબ દાવાને લિમિટેશન એક્ટની કાયદાકીય જોગવાઈઓનો સ્પષ્ટ બાધ નડતો હોય ત્યારે સર્વપ્રથમ તેનો નિર્ણય કરવાથી દાવાઓનો ઝડપથી નિકાલ થાય છે અને હાલનાં કામનાં પક્ષકારોને પણ કોઈ પ્રેજયુડાઇઝ થાય તેમ નથી. તેવા સંજોગોમાં હાલની આ પ્રતિવાદીઓની અરજી મંજુર કરવાની ન્યાયનાં હીતમાં ખાસ જરૂર છે.

પ્રતિવાદીઓ વધુમાં જણાવે છે કે, હાલની આ અરજી પ્રતિવાદીઓએ જરૂરી વિગતો તથા પુરાવાઓ મેળવી નામદાર કોર્ટમાં દાખલ કરેલ છે.પરંતુ સદર દાવામાં કામે પ્રતિવાદીઓએ દાવાને લગતા જરૂરી વધુ પુરાવાઓ તથા વધુ માહિતી તથા વધુ રજૂઆત કરવાનો હકક અબાધિત રાખી હાલની આ અરજી નામદાર કોર્ટ રૂબરૂ દાખલ કરેલ છે, જેથી ભવિષ્યમાં વધુ રજૂઆત તથા વધુ પુરાવાઓ રજૂ કરવા માટે પ્રતિવાદીઓને યોગ્ય તક આપવા તેમજ પ્રતિવાદીઓની હાલની અરજી મંજુર કરવા દાદ માંગેલ છે.

૨. વાદી તરફે પ્રતિવાદીઓની હાલની અરજીનો આંક–૩૮ થી જવાબ આપેલ છે, જેમાં તેઓએ આંક–૩૬ વાળી અરજીના મોટાભાગના કથનોનો ઈન્કાર કરેલ છે અને વિશેષમાં જણાવેલ છે કે, પ્રતિવાદીની અરજીના પેરા નં.૧ માં જણાવેલ હકીકત ખરી નથી, કબુલ નથી, મંજુર નથી. સદર કામના વાદીએ તેમની દાવા અરજીના પેરા નં. ૩ માં જણાવેલ હકીકત મુજબ આ દાવાના પ્રતિવાદી હપ્તાની રકમ નિયમિત વાદી બેન્કમાં ભરપાઈ કરતા ન હતા અને અવાર–નવાર તેમની

સગવડ મુજબ હપ્તાની રકમ જમા કરાવતા હતા અને સને ૨૦૧૮માં આ કામના પ્રતિવાદીઓએ હપ્તાની રકમ તથા નિયત સમય મર્યાદામાં રકમની લેવડ–દેવડ કરતા ન હોય, પ્રતિવાદીનું ખાતુ એન.પી.એ. થઈ ગયેલ છે.

વાદી વધુમાં જણાવે છે કે, પ્રતિવાદી નં.૧ બેન્કના ખાતેદાર છે. પ્રતિવાદી નં.૧ નાએ સને.૨૦૧૮ તથા સને ૨૦૧૯ ના અરસામાં પોતાના દૂધના ધંધાના વિકાસ માટે નાણાંની જરૂરીયાત ઉપસ્થિત થતા પ્રતિવાદી નં.૧ નાએ વાદી બેન્કમાંથી ધીરાણ મેળવવા કાર્યવાહી કરેલી અને વાદી બેન્ક તરફથી પ્રતિવાદી નં.૧ નાને તેવી કાર્યવાહીના સંદર્ભમાં નીચે મુજબની લોન મંજુર કરેલ છે.

ક્રમ	ખાતા નંબર	તારીખ	વ્યાજદર	ધિરાણની રકમ
૧.	૭૧૩૭૮૪૦૦૦૦૦૧૪૯	૧૪/૧૨/૨૦૧૭	૯.૭૫%	૧,૦૦,૦૦૦/–(એગ્રીકલ્ચર લોન)
૨.	૭૧૭૩૮૦૧૦૦૦૧૪૭૩	૦૩/૦૨/૨૦૧૮	૧૧.૧૦%	૮૬,૫૦૦/–(કિસાન કાર્ડ)
			કુલે રકમ રૂ.	**૧,૮૬,૫૦૦/–**

વાદી વધુમાં જણાવે છે કે, ઉપરોકત ધીરાણ મંજુર થતા આ દાવાના પ્રતિવાદી નં.૧ નાએ વાદી બેન્કમાં કાયદેસરના ધારા–ધોરણ મુજબ ધીરાણ મેળવવા કાર્યવાહી પણ કરેલી. મજકુર ધીરાણ અંગે ઉપરોકત મુજબનો વ્યાજનો દર નક્કી કરવામાં આવેલો તેમજ દંડનીય વ્યાજદર ૨% નક્કી કરવામાં આવેલો અને તે વ્યાજનો દર પ્રતિવાદી નં.૧ નાએ કબુલ, મંજુર પણ રાખેલો તથા મજકુર ધીરાણ પેટે પ્રતિવાદી નં.૧ નાએ વાદી બેન્કની તરફેણમાં કાયદેસરના લખાણ પણ કરી આપેલા. મજકુર ધીરાણની રકમ પ્રતિવાદી નં.૧ નાએ વાદી બેન્કમાં ૬૧ હપ્તા અને ૧૨ હપ્તામાં ભરપાઈ કરવાની હતી.

વાદી વધુમાં જણાવે છે કે, આ કામના પ્રતિવાદી નં.૧ નાએ પોતાના ખાતા નં.૭૧૩૭૮૪૦૦૦૦૦૧૪૯ માં તા.૧૪/૦૨/૨૦૧૯ ના રોજ રૂ.૧,૦૦,૦૦૦/– નું ધીરાણ મેળવેલ જે ૬૧ હપ્તામાં ભરપાઈ કરવાનું હતુ જેમાં પ્રતિવાદી નં.૧ નાએ લોન લીધી ત્યારથી કોઈ પણ રકમની ભરપાઈ કરેલી નહીં, જેથી પ્રતિવાદીનું ખાતુ એન.પી.એ. થઈ ગયેલ તથા કિશાન ક્રેડીટ કાર્ડ નં.૭૧૭૩૮૦૧૦૦૦૧૪૭૩ માં રૂ.૮૬,૫૦૦/– તા.૦૩/૦૨/૨૦૧૮ ના રોજ ૧૨ માસમાં ભરવાની શરતે લીધેલ. જે ખાતામાં પ્રતિવાદીએ તા.૧૮/૦૧/૨૦૨૦ ના રોજ રૂ.૮૧,૮૦૦/– ભરપાઈ કરેલ. આમ, પ્રતિવાદી નં.૧ ના એકાઉન્ટમાં તા.૧૮/૦૧/૨૦૨૦ ના રોજ રૂપિયાની લેવડ–દેવડ કરેલ છે. ત્યારબાદ પ્રતિવાદી નં.૧ નાએ પોતાના ખાતામાં કોઈ પણ જાતની લેવડ દેવડ કરેલ નથી. જેથી તા.૧૮/૦૩/૨૦૨૦ ના રોજ પ્રતિવાદી નં.૧ નાનું ખાતુ એન.પી.એ. થઈ ગયેલ. ત્યારબાદ પ્રતિવાદી નં. ૧ નાનો સંપર્ક કરતા પ્રતિવાદી બેન્કમાં આવેલ અને પ્રતિવાદી નં.૧ નાએ ઉપરોકત બંને લોન સંદર્ભે એકનોલેજમેન્ટ ઓફ ડેન્ટ એન્ડ સિક્યોરીટી

વાદી બેન્કના લાભમાં તા.૨૩/૦૨/૨૦૨૩ ના રોજ સહી કરીને આપી ગયેલ. જે એકનોલેજમેન્ટમાં પ્રતિવાદી નં.૧ નાએ રેવન્યુ ટીકીટ ચોંટાડી સહી કરેલ છે. આમ, પ્રતિવાદી નં.૧ ને જે લોન આપવામાં આવેલ છે તે લોન બાબતે પ્રતિવાદીએ લોન એક્ષટેન્ડ કરવા માટે તા.૨૩/૦૨/૨૦૨૩ ના રોજ જે એકનોલેજમેન્ટ ઓફ ડેન્ટ એન્ડ સિકયોરીટી આપેલ છે તેમાં જણાવેલ તારીખ જોતા વાદીનો દાવો લીમીટિશનમાં છે.

વાદી વધુમાં જણાવે છે કે, પ્રતિવાદીની અરજીના પેરા નં.૨ ના જવાબમાં જણાવેલ છે કે, વાદી બેન્કે આ કામના પ્રતિવાદી નં.૧ નાઓને જે લોન આપવામાં આવેલ તે લોન તા.૦૩/૦૨/૨૦૧૮ ના રોજ તથા તા.૧૪/૧૨/૨૦૧૯ ના રોજ પ્રતિવાદી નં.૧ નાને ધીરાણ આપેલ છે, ત્યારબાદ પ્રતિવાદ નં.૧ નાએ તા.૧૮/૦૧/૨૦૨૦ ના રોજ રૂ.૮૧,૮૦૦/- ભરપાઈ કરેલ છે. આમ, પ્રતિવાદીએ તા.૧૮/૦૧/૨૦૨૦ સુધી નાણાંની લેવડદેવડ લોન ખાતામાં કરેલ છે. ત્યારબાદ પ્રતિવાદીએ વાદી બેન્કને બંને લોન સંદર્ભે એકનોલેજમેન્ટ ઓફ ડેન્ટ એન્ડ સિકયોરીટી વાદી બેન્કના લાભમાં તા.૨૩/૦૨/૨૦૨૩ ના રોજ સહી કરીને આપી ગયેલ. જે એકનોલેજમેન્ટમાં પ્રતિવાદી નં.૧ નાએ રેવન્યુ ટીકીટ ચોંટાડી સહી કરેલ છે. આમ, વાદીનો દાવો સી.પી.સી.ની કલમ ૫૪ મુજબ ૩ વર્ષની સમયમર્યાદામાં દાખલ થયેલ હોય, જેથી વાદીનો દાવો કાયદેસર રીતે સમય મર્યાદામાં દાખલ કરવામાં આવેલ છે.

વાદી વધુમાં જણાવે છે કે, પ્રતિવાદીની અરજીના પેરા નં. ૩ માં જણાવેલ હકીકત બાબતે કોઈ તર-તકરાર નથી. પ્રતિવાદીની અરજીના પેરા નં.૪ તથા ૫ માં જણાવેલ હકીકત અંશતઃ ખરી છે. ત્યારબાદ જણાવેલ હકીકત ખરી નથી, કબુલ નથી, મંજુર નથી. પ્રતિવાદીની અરજીના પેરા નં. ૬ માં જે દાદ માંગવામાં આવેલ છે તે દાદ પ્રતિવાદી મેળવી શકે તેમ ન હોય પ્રતિવાદીને સદર ઓર્ડર ૭ રૂલ ૧૧ ની અરજી ખર્ચ સહિત રદ થવાને પાત્ર છે. સદર કામના પ્રતિવાદી નં.૧ નાએ વાદી બેન્કમાંથી લોન મેળવી કાયદેસરની કાર્યવાહી કરી કાયદેસરના લખાણો કરી લોન મેળવેલ તેમ છતાં પ્રતિવાદી નં.૧ નાની લોનની રકમ ભરપાઈ કરવાની બદદાનત થયેલ હોવાથી હાલના દાવામાં સમયપસાર કરવા માટે ખોટી સમય મર્યાદા અંગેની તકરાર ઉત્પન્ન કરેલ છે. જેથી પ્રતિવાદી નં. ૧ ના દ્વારા આપવામાં આવેલ સી.પી.સી. ઓર્ડર ૭ રૂલ ૧૧(ડી) મુજબની અરજી ખર્ચ સહિત રદ કરવા માટે અરજ ગુજારેલ છે.

૩. સદર કામના વાદીના વિ.વ.શ્રીની મૌખિક દલીલ સાંભળવામાં આવેલ છે. તેમજ વાદી દ્વારા આંક-૪૦ થી પ્રતિવાદીઓની હાલની અરજીના અનુસંધાને દસ્તાવેજી પુરાવા લિસ્ટ રજુ કરેલ છે.

૪. પ્રતિવાદીઓ તર્ફે આપવામાં આવેલ હાલની અરજી, વાદી તર્ફે આપવામાં આવેલ સદરહુ અરજીનો આંક-૩૮ વાળો જવાબ તેમજ દાવા અરજી સાથે સામેલ દસ્તાવેજી આધારો ધ્યાને

લીધા. કાયદાનો એ પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે, દિવાની કાર્યરીતિ સંહિતાના ઓર્ડર–૭ રૂલ–૧૧ ની અરજીનો નિર્ણય કરતી વખતે માત્ર વાદીઓની દાવા અરજી તથા તેની સાથે સામેલ રાખવામાં આવેલ દસ્તાવેજોને ધ્યાને લેવાના હોય છે, આ તબક્કે પ્રતિવાદીઓનો બચાવ ધ્યાને લેવાનો રહેતો નથી અને તેથી આ તબક્કે પ્રતિવાદીઓના દાવાના જવાબો, વિગેરે ધ્યાને લેવાના રહેતા નથી. જેના સંદર્ભે આ કોર્ટ નામદાર સુપ્રિમકોર્ટનું **(2015) 8 SCC 331 P. V. Guru Raj Reddy v. P. Neeradha Reddy** વાળુ જજમેન્ટ ધ્યાને લેવુ જરૂરી માનતી હોય, તેનો રિલેવન્ટ પારા અત્રે રીપ્રોડયુસ કરેલ છે.

> **5.** *Rejection of the plaint under Order VII, Rule 11 of the CPC is a drastic power conferred in the court to terminate a civil action at the threshold. The conditions precedent to the exercise of power under Order VII, Rule 11, therefore, are stringent and have been consistently held to be so by the Court. It is the averments in the plaint that has to be read as a whole to find out whether it discloses a cause of action or whether the suit is barred under any law. At the stage of exercise of power under Order VII, Rule 11, the stand of the defendants in the written statement or in the application for rejection of the plaint is wholly immaterial. It is only if the averments in the plaint ex facie do not disclose a cause of action or on a reading thereof the suit appears to be barred under any law, the plaint can be rejected. In all other situations, the claims will have to be adjudicated in the course of the trial.*

૫. વધુમાં આ તબક્કે અત્રેની કોર્ટ નામદાર સુપ્રિમકોર્ટનું **Chhotanben and Anr. v. Kiritbhai Jaikrushnabhai Thakkar. 2018(3) GLH 338 SC** વાળુ જજમેન્ટ ધ્યાને લેવું જરૂરી માને છે, જેમાં નીચે મુજબનો સિદ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે.

> **(A)** Code of Civil Procedure, 1908-0.7 R.11(d)-Rejection of Plaint Principles to be applied while

deciding application under O. 7 R. 11 Held, that only averments contained in the Plaint are to be seen and the defence put by the defendants is irrelevant for the purpose of deciding the application under 0.7 R.11(d) of CPC.

૬. આમ, નામદાર સુપ્રિમકોર્ટે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત મુજબ આ તબકકે માત્ર વાદીની દાવા અરજી તેમજ દાવા અરજી સાથે સામેલ રાખવામાં આવેલ દસ્તાવેજી આધારો ધ્યાને લેવાના રહે છે. આ તબકકે વાદીની દાવા અરજી તેમજ સુધારેલ દાવા અરજી ધ્યાને લેવામાં આવે તો વાદી તે બેંક કાયદા હેઠળ નોંધાયેલી બેકિંગ સેવાઓ આપતી સંસ્થા છે, જેની હેડ ઓફીસ બેંગલોર મુકામે છે અને જેની અનેક શાખાઓ પૈકી એક શાખા શેગવા, કામરેજ, સુરતમાં આવેલી છે. આ બેન્ક વતી પ્રસ્તુત દાવો તેની સત્તાવાર વ્યક્તિ (બેન્ક બ્રાન્ચ મેનેજરશ્રી) દ્વારા દાખલ કરવામાં આવ્યો છે, જેમને બેન્કે તા.૧૧/૦૫/૨૦૨૩ ના રોજ પાવર ઓફ એટોર્ની નંબર ૭૮૧૫૦૯ દ્વારા કાયદેસરની સત્તા આપેલી છે. વર્ષ.૨૦૧૮ અને ૨૦૧૯ માં પ્રતિવાદીને પોતાના ડેરીના ધંધાના વિકાસ માટે નાણાંની જરૂરિયાત ઊભી થતા તેમણે બેન્ક પાસે ધિરાણની માંગણી કરી હતી. આ હેતુસર, બેન્કે તા.૧૪/૧૨/૨૦૧૭ ના રોજ પ્રતિવાદીને **રૂ.૧,૦૦,૦૦૦/-** ની 'એગ્રિકલ્ચર્ લોન' લોન એકાઉન્ટ નં.૭૧૩૭૮૪૦૦૦૦૦૧૪૯ મંજૂર કરી હતી તેમજ બેન્કે તા.૦૩/૦૨/૨૦૧૮ ના રોજ પ્રતિવાદીને **રૂ.૮૫,૫૦૦/-** ની 'કિસાન કાર્ડ' લોન એકાઉન્ટ નં.૭૧૩૭૮૪૦૧૦૦૦૧૪૭૩ મંજૂર કરી હતી આ ધિરાણની પ્રક્રિયા દરમિયાન પ્રતિવાદીએ બેન્કના કાયદેસરના ધારા-ધોરણો મુજબની કાર્યવાહી પૂર્ણ કરી હતી, કરાર મુજબ, પ્રતિવાદીએ આ લોનની રકમ વ્યાજ સહિત અનુક્રમે ૬૧ અને ૧૨ માસિક હપ્તામાં ભરપાઈ કરવાની જવાબદારી સ્વીકારી હતી. જે માટે બેંકના જરૂરી તમામ દસ્તાવેજો કરી આપવામાં આવ્યા હતા. જેથી સદર બેંક દ્વારા મંજુર કરવામાં આવેલ લોન સંદર્ભે પ્રતિવાદીએ વાદી બેંકની તરફેણ માં કાયદેસરના લખાણ કરી આપેલા. આ તમામ દસ્તાવેજ કરવામાં આવ્યા ત્યારે આંક-૧૧ ની વાદી સરતપાસ તેમજ દાવા અરજી મુજબ બેંકનો વ્યાજદર અનુક્રમે ૯.૭૫% અને ૧૧.૧૦% તથા પેનલ્ટીનો વધારાનો વ્યાજદર ૨% હતો. ત્યારબાદ પ્રતિવાદીએ લોનની રકમનો ઉપાડ કર્યો હતો. આ તમામ પ્રક્રિયા કર્યા બાદ પ્રતિવાદીએ વાયદા પ્રમાણે લોનની રકમ ભરપાઈ કરેલ ન હોઈ વાદી ને હાલનો દાવો કરવાની જરૂરીયાત ઉભી થયેલ છે. આ દાવાના પ્રતિવાદી ઉપર વાદી બેંકની લોન એકાઉન્ટ નં.૭૧૩૭૮૪૦૦૦૦૦૧૪૯ માં તા.૨૭/૧૧/૨૦૨૩ સુધીની બાકી લેણી રકમ **રૂા.૧,૫૫,૭૨૪.૨૩/-** પૈસા બાકી પડે છે. તેમજ લોન એકાઉન્ટ નં. ૭૧૩૭૮૪૦૧૦૦૦૧૪૭૩ માં તા.૩૦/૦૯/૨૦૨૩ સુધીની બાકી લેણી રકમ **રૂા.૧,૨૬,૮૩૮.૧૩/-** પૈસા બાકી પડે છે. આમ, કુલ વાદી બેંકની બાકી લેણી રકમ

રૂ.૨,૮૨,૫૬૨.૩૬/- નિકળે છે. તેમજ તેના પર થતો રૂા.૯,૭૫૦/- નો કોર્ટ ફી સ્ટેમ્પ લગાવેલ છે.

૭. વધુમાં વાદીએ આંક-૩૮ થી રજુ કરેલ અરજીમાં જણાવેલ છે કે, પ્રતિવાદીએ તા.૧૮/૦૧/૨૦૨૦ ના રોજ રૂ.૮૧,૮૦૦/- લોન ના હપ્તા પેટે ભરપાઈ કરેલ. તેમજ પ્રતિવાદી નં.૧ ના એકાઉન્ટમાં તા.૧૮/૦૧/૨૦૨૦ ના રોજ રૂપિયાની લેવડ-દેવડ કરેલ છે. ત્યારબાદ પ્રતિવાદી નં.૧ નાએ પોતાના ખાતામાં કોઈ પણ જાતની લેવડ દેવડ કરેલ નથી. જેથી તા.૧૮/૦૩/૨૦૨૦ ના રોજ પ્રતિવાદી નં.૧ નાનું ખાતુ એન.પી.એ. થઈ ગયેલ. ત્યારબાદ પ્રતિવાદી નં. ૧ નાનો સંપર્ક કરતા પ્રતિવાદી બેન્કમાં આવેલ અને પ્રતિવાદી નં.૧ નાએ ઉપરોકત બંને લોન સંદર્ભે એકનોલેજમેન્ટ ઓફ ડેન્ટ એન્ડ સિકયોરીટી વાદી બેન્કના લાભમાં **તા.૨૩/૦૨/૨૦૨૩** ના રોજ સહી કરીને આપી ગયેલ, આ તબકકે લિમિટેશન એકટ, ૧૯૬૩ ના આર્ટીકલ ૫૯ ધ્યાને લેવામાં આવે તો નીચે મુજબની જોગવાઈ કરવામાં આવેલ છે.

To cancel or set aside an instrument or decree or for the rescission of a contract.	Three years.	When the facts entitling the plaintiff to have the instrument or decree cancelled or set aside or the contract rescinded first become known to him.

૮. આમ, ઉપરોકત જોગવાઈ મુજબ વાદીએ નિશાની-૪૦/૧ થી રજુ કરેલ દસ્તાવેજ ધ્યાને લેતા પ્રતિવાદી વાદી બેંકમાં તા.૧૮/૦૧/૨૦૨૦ ના રોજ રૂ.૮૧,૮૦૦/- લોન ના હપ્તા પેટે ભરપાઈ કરેલાનું જણાય આવે છે તેમજ પ્રતિવાદીએ વાદી બેંકને **તા.૨૩/૦૨/૨૦૨૩** ના રોજ બંને લોન સંદર્ભે એકનોલેજમેન્ટ ઓફ ડેન્ટ એન્ડ સિકયોરીટી વાદી બેન્કના લાભમાં કરી આપેલાનું વાદીએ રજુ કરેલ નિ.૪૦/૨ થી જણાય આવે છે. આમ, જ્યારે પ્રતિવાદી એ વાદી બેંકને તા.૨૩/૦૨/૨૦૨૩ નારોજ બંને લોન સંદર્ભે એકનોલેજમેન્ટ ઓફ ડેન્ટ એન્ડ સિકયોરીટી વાદી બેન્કના લાભમાં કરી આપેલ હોય, અને વાદીએ સદર દાવો નામદાર કોર્ટ સમક્ષ તા.તા.૦૩/૦૫/૨૦૨૪ ના રોજ લાવેલ હોય, ત્યારે તે સંજોગોમા લિમીટેશન એકટની **કલમ-૧૮** ધ્યાને લેતા, જો સમય મર્યાદા પૂરી થતા પહેલા દેવાદાર લેખિતમાં દેવાનો સ્વીકાર કરે, તો તે સહી કર્યાની તારીખથી ફરીથી નવા ૩ વર્ષની સમય મર્યાદા મળે છે. આ સંજોગોમાં નામદાર સુપ્રિમ કોર્ટના **J.C. Budhraja vs. Chairman, Orissa Mining Corporation Ltd. (2008) 2 SCC 444** વાળા જજમેન્ટ ઉપર આધાર રાખે છે, જેમાં નામદાર સુપ્રિમ કોર્ટે નીચે મુજબનો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે.

> **14.** Section 18 of the Limitation Act, 1963 deals with effect of acknowledgement in writing. Sub-section (1)

thereof provides that where, before the expiration of the prescribed period for a suit or application in respect of any right, an acknowledgement of liability in respect of such right has been made in writing signed by the party against whom such right is claimed, a fresh period of limitation shall be computed from the time when the acknowledgement was so signed. The explanation to the section provides that an acknowledgement may be sufficient though it omits to specify the exact nature of the right or avers that the time for payment has not yet come or is accompanied by a refusal to pay, or is coupled with a claim to set off, or is addressed to a person other than a person entitled to the right. Interpreting section 19 of the Limitation Act, 1908 (corresponding to section 18 of the Limitation Act, 1963) this Court in Shapur Fredoom Mazda v. Durga Prosad Chamaria (AIR 1961 SC 1236), held :

acknowledgement as prescribed by section 19 merely renews debt; it does not create a new right of action. It is a mere acknowledgement of the liability in respect of the right in question; it need not be accompanied by a promise to pay either expressly or even by implication. The statement on which a plea of acknowledgement is based must relate to a present subsisting liability though the exact nature or the specific character of the said liability may not be indicated in words. Words used in the acknowledgement must, however, indicate the existence of jural relationship between the parties such as that of debtor and creditor, and it must

appear that the statement is made with the intention to admit such jural relationship. Such intention can be inferred by implication from the nature of the admission, and need not be expressed in words. If the statement is fairly clear, then the intention to admit jural relationship may be implied from it. The admission in question need not be express but must be made in circumstances and in words from which the court can reasonably infer that the person making the admission intended to refer to a subsisting liability as at the date of the statement. Stated generally, courts lean in favour of a liberal construction of such statements though it does not mean that where no admission is made one should be inferred, or where a statement was made clearly without intending to admit the existence of jural relationship such intention could be fastened on the maker of the statement by an involved or far-fetched process of reasoning. In construing words used in the statements made in writing on which a plea of acknowledgement rests oral evidence has been expressly excluded but surrounding circumstances can always be considered. The effect of the words used in a particular document must inevitably depend upon the context in which the words are used and would always be conditioned by the tenor of the said document..

૯. વધુમાં આ તબકકે અત્રેની કોર્ટ નામદાર ગુજરાત હાઈકોર્ટનું **Jitendra Khimchandbhai Chapadiya vs. State of Gujarat (2024)** વાળુ જજમેન્ટ ધ્યાને લેવું જરૂરી માને છે, જેમાં નીચે મુજબનો સિદ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે.

1. Learned advocate Mr.Manan Shah submits that the judgment and order of the acquittal passed by the learned trial Court on the sole ground of time barred debt. Learned advocate Mr.Shah draws the attention of the Court with regard to the agreement of settlement, which was executed between the parties produced below Exhibit 8, wherein it transpires that initial transactions between the complainant and the accused was with regard to the purchasing of the plot, after the sale deed NEUTRAL CITATION R/CR.MA/20198/2023 ORDER DATED: 19/01/2024 undefined was executed, it was found that there was no any plot in existence therefore, the complaint was filed before the Police Commissioner and DCB Police Station, Surat where the settlement was arrieved between the parties and the settlement agreement was executed and for the repayment of the sale consideration Rs.7,50,786/- was paid through NEFT and for the remaining amount i.e. Rs.15,000,00/- three different cheques were issued and on dishonor of one of the cheque, the impugned complaint came to be filed. Learned advocate Ms.Shah submits that the said settlement was arrived between the parties and agreement was executed on 11.06.2022 , the respondent-accused had acknowledged the debt and therefore, the limitation period would start from the date when the acknowledgment was given by the respondent-accused as per Section 18 of the Limitation Act.Section 18 of the Limitation Act, which was relied is reproduced hereinbelow:

"18. Effect of acknowledgment in writing.--(1) Where, before the expiration of the prescribed period for a suit or application in respect of any property or right, an acknowledgment of liability in respect of such property or right has been made in writing signed by the party against whom such property or right is claimed, or by any person through whom he derives his title or liability, a fresh period of limitation shall be computed from the time when the acknowledgment was so signed.

NEUTRAL CITATION R/CR.MA/20198/2023 ORDER DATED: 19/01/2024 undefined (2) Where the writing containing the acknowledgment is undated, oral evidence may be given of the time when it was signed; but subject to the provisions of the Indian Evidence Act, 1872 (1 of 1872), oral evidence of its contents shall not be received.

Explanation.--For the purposes of this section,--

(a) an acknowledgment may be sufficient though it omits to specify the exact nature of the property or right, or avers that the time for payment, delivery, performance or enjoyment has not yet come or is accompanied by a refusal to pay, deliver, perform or permit to enjoy, or is coupled with a claim to set off, or is addressed to a person other than a person entitled to the property or right,

(b) the word "signed" means signed either personally or by an agent duly authorised in this behalf, and

(c) an application for the execution of a decree or order shall not be deemed to be an application in respect of any property or right."

૧૦. આમ, જયારે વાદી તરફે રજુ દસ્તાવેજો તેમજ પ્રતિવાદી તરફે રજુ અરજી અને લેખિત દલીલ ધ્યાને લેતા વાદીના દાવાને સમયમર્યાદાનો બાધ નડતો ન હોય. જયારે **લિમીટેશન એક્ટની કલમ–૧૮** હેઠળ એકદમ સ્પષ્ટ છે. જયારે પ્રતિવાદી સમય મર્યાદા પૂરી થતા પહેલા લેખિતમાં એકનોલેજમેન્ટ ઓફ ડેન્ટ એન્ડ સિકયોરીટી કરે, ત્યારે તે તારીખથી લિમીટેશનનો નવો સમયગાળો શરૂ થાય છે. ત્યારે વાદીની દાવા અરજીનો સ્વિકાર કરવો જોઈએ. વધુમાં અહિયા જયારે પ્રતિવાદી દ્વારા લેખિતમાં એકનોલેજમેન્ટ ઓફ ડેન્ટ એન્ડ સિકયોરીટી કરેલ હોય વાદીને હાલનો દાવો કરવા માટે ફ્રેશ પિરિયડ મળી રહે તેમ છે, ત્યારે દાવા અરજી ફ્રેશ પિરિયડ સાથે સ્વિકૃત થવી જોઈએ તેવું નામદાર સુપ્રિમકોર્ટે તેમજ નામદાર હાઈકોર્ટે અનેક કિસ્સાઓમાં પ્રસ્થાપિત કરેલ છે.

૧૧. સદર કેસમાં પ્રતિવાદી તરફથી રજૂ થયેલી હાલની અરજી અને તે અંગે વાદીનો આંક-૩૮નો જવાબ તેમજ વાદી તરફે રજુ દસ્તાવેજી પુરાવાઓનો અભ્યાસ કરતા જણાય છે કે, પ્રતિવાદીએ સમય મર્યાદાના મુદ્દે દાવો રદ કરવાની માંગણી કરી છે. નામદાર સુપ્રીમ કોર્ટ દ્વારા *P. V. Guru Raj Reddy v. P. Neeradha Reddy* ના ચુકાદામાં પ્રસ્થાપિત સિદ્ધાંત મુજબ, ઓર્ડર-૭, રૂલ-૧૧ના તબક્કે માત્ર દાવા અરજીની હકીકતો અને તેની સાથેના દસ્તાવેજો જ ગ્રાહ્ય રાખવાના હોય છે. વાદીએ રજૂ કરેલા દસ્તાવેજી પુરાવા નિ.૪૦/૧ અને ૪૦/૨ જોતા પ્રથમ દ્રષ્ટીએ માલૂમ પડે છે કે, પ્રતિવાદીએ લોન ખાતામાં છેલ્લે તા.૧૮/૦૧/૨૦૨૦ના રોજ રૂ.૮૧,૮૦૦/- જમા કરાવ્યા છે અને ત્યારબાદ તા.૨૩/૦૨/૨૦૨૩ના રોજ 'એકનોલેજમેન્ટ ઓફ ડેટ એન્ડ સિક્યોરિટી' પર સહી કરીને બાકી લોનના નાણાનો સ્વીકાર કરેલ છે. લિમિટેશન એક્ટની કલમ-૧૮ મુજબ, જો નિર્ધારિત સમય મર્યાદા પૂર્ણ થતા પહેલા દેવાદાર લેખિતમાં દેવું સ્વીકારે, તો તે તારીખથી નવો ૩ વર્ષનો સમયગાળો શરૂ થાય છે. આ સંજોગોમાં, તા.૨૩/૦૨/૨૦૨૩ના એકનોલેજમેન્ટને આધારે તા.૦૩/૦૫/૨૦૨૪ નારોજ દાખલ થયેલો હાલનો દાવો પ્રથમ દ્રષ્ટિએ સમય મર્યાદામાં હોવાનું જણાય છે. તેમજ સમય મર્યાદાનો મુદ્દો એ હકીકત અને કાયદાનો મિશ્ર પ્રશ્ન હોય, તેને માત્ર પ્લીડિંગ્સના આધારે નક્કી કરવાને બદલે પુરાવાને અંતે નક્કી કરવો યોગ્ય જણાય છે. આમ, વાદીની દાવા અરજી, દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લેતા સ્પષ્ટપણે જણાય આવે છે કે, વાદીના દાવાને સમયમર્યાદાનો બાધ નડતો ન હોય વાદીનો દાવો સમય મર્યાદાની અંદર હોય. આમ, ઉપરોકત ચર્ચા ધ્યાને લેતા વાદીઓની દાવા અરજી દિવાની કાર્યરીતિ સંહિતાના ઓર્ડર ૭ રૂલ ૧૧(ડી) હેઠળ સ્વિકૃત થવાપાત્ર હોઈ, નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

–:: આખરી હુકમ ::–

૧.	પ્રતિવાદીઓ તર્ફે આપવામાં આવેલ દિવાની કાર્યરીતિ સંહિતાના ઓર્ડર–૭ નિયમ–૧૧(ડી) અન્વયેની હાલની અરજી આથી **નામંજુર** યાને રદ કરવામાં આવે છે.
૨.	હાલની અરજીનો ખર્ચ દાવાના આખરી હુકમને અનુસરશે.

હુકમ આજરોજ તારીખ **૧૩ મી માહે ફેબ્રુઆરી, સને ૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

મુ.કઠોર.
તારીખ: **૧૩/૦૨/૨૦૨૬**

(પ્રખર શર્મા)
એડી. સિનિયર સિવિલ જજ , કઠોર
JUDGE CODE NO.GJ01416.